૧૨૬
C

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા



16000 85

આફ્રિકા સાંભર્યું

સંપાદન : ગિજુભાઈ • તારાબેન

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

આફ્રિકા સાંભર્યું

: લેખક :

ગિજુભાઈ

શારદા મંદિર
અમદાવાદ ૭
૧૬૧

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ○ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકના

મુદ્રણ સાતમું :
નવેમ્બર ૧૯૬૭

મૂલ્ય પચાસ પૈસા

[૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા
પુસ્તક ૨૪મું

અનુક્રમ

મુંગુ યા માઇસો ઈયાં . ૩
હાથીનું બચ્ચું . . . ૬
બાના યા કુંડા મિલિયા . ૮
ફીબોકો વાંસે દોડયો . ૧૧
મિ. બાર્લો ૧૩
વીજળીનું કારખાનું . . ૧૭
મારા મિત્રો . . . ૨૯

આફ્રિકા સાંભર્યું

*

મુંગુ યા માઇસો ઈયાં

આફ્રિકા હું નવો નવો ગયેલો. કોટ પહેરીને, પાટલૂન પહેરીને, ચશ્માં ચડાવીને ચાલ્યો જાઉં. મને ખબર નહિ કે મારી વાત કરે છે.

તે દિવસ કાંઈ સ્વાહીલી ભાષા ન આવડે. સ્વાહીલી ભાષા આફ્રિકાની ભાષા. બેચાર જણા ગુણગુણ બોલે: 'મુંગુ યા માઇસો ઈયાં.' 'મુંગુ યા માઇસો ઈયાં.'

બોલતા'તા ત્યાં સુધી તો ઠીક. પણ પછી રોજ આવે ને પગે લાગે ને બોલે: 'મુંગુ યા માઇસો ઇયાં.'

મને થયું: 'આ શું? શું આ તે કાંઈ મશ્કરી કરતા હશે કે કાંઈ પૂછતા હશે કે કાંઈ જોઈતું હશે?'

સ્વાહીલીના બેચાર શબ્દો તો શીખ્યો. 'માજી' એટલે પાણી અને 'લેટે' એટલે લાવ. પણ આ 'મુંગુ યા માઇસો ઇયાં' નો અર્થ સમજાય નહિ.

એક હતો ઘડિયાળી. આપણા જ દેશનો. એમ કહો ને કે રાજકોટનો. નામ કહેવાની શી જરૂર? મેં કહ્યું: 'ભાઈ! આ "મુંગુ યા માઇસો ઇયાં" એ શું હશે?'

પેલો તો હસી પડ્યો. મને કહે: 'એલા ભારે થઈ; તું તો મોટો પરમેશ્વર થયો!'

મેં કહ્યું: 'છે શું?'

એ તો ભાઈબંધ ભેળા થઈને 'મુંગુ યા માઇસો ઇયાં' કહી મને પગે લાગવા માંડ્યા! પછી મને સમજાયું કે 'મુંગુ' એટલે પરમેશ્વર, 'માઇસો' એટલે આંખો ને 'ઇયાં' એટલે

ચાર. 'ચાર આંખવાળો પરમેશ્વર.' ચાર આંખ કોની? બે આંખ મારી ને બે આંખ ચશ્માંની. ચશ્માં પહેરતો હતો ને?

પછી તો મારે કાળા લોકોની સાથે ભાઈબંધી થઈ. રોજ એ લોકો મળે, ને નમસ્કાર કરે ને 'મુંગુ' કહી ચાલ્યા જાય.

એમ હું આફ્રિકામાં 'મુંગુ યા માઇસો ઇયાં' હતો.

હાથીનું બચ્ચું

અમારો એક 'બૉય હતો.' 'બૉય' એટલે નોકર. બૉય જાતે 'વાગન્ડો' હતો. 'વાગન્ડો' એટલે 'યુગાન્ડો'—યુગાન્ડામાં રહેનારો.

યુગાન્ડા નામનો એક પ્રાંત છે. પૂર્વ આફ્રિકામાં આવ્યો છે. આફ્રિકા નામનો ખંડ છે. એમાં સીદી લોકો રહે છે. અમારો નોકર સીદી હતો.

એનું નામ 'હાથીનું બચ્ચું.' એવું તે નામ શું? એવું નામ શું કામ પાડ્યું હશે?

ખરેખર એ હાથીના બચ્ચા જેવો હતો: ઊંચો કદાવર ને પૂરેપૂરો હૃષ્ટપુષ્ટ. કાળો તો ખરો જ; જાડા હોઠ તો હતા જ. મોટા લબ્બ-ડતા હોઠ તો હોવા જ જોઈએ ને!

મને આવડે નહિ એની ભાષા ને એને આવડે નહિ મારી ભાષા. અમારું બધું કામ

નિશાનીથી ચાલે.

એનો દેખાવ જોઈ મેં એનું નામ પાડયું હાથીનું બચ્ચું. એને બોલાવું : 'હાથીનું બચ્ચું !' એ જવાબ આપે : 'જી !' એને એટલું ગુજરાતી તો આવડે.

મેં એને શિખવાડેલું કે એક આંગળી ઊંચી કરું તો ખૂબ હળવેથી બોલવું : 'હાથીનું બચ્ચું.' બે આંગળી ઊંચી કરું તો જરા મોટેથી બોલવું : 'હાથીનું બચ્ચું.' ને ત્રણ આંગળી ઊંચી કરું ત્યારે ખૂબ તાણીને બોલવું : 'હાથીનું બચ્ચું.'

ઓફિસમાંથી આવું ને એક આંગળી ઊંચી કરું. નોકર હળવેથી બોલે : 'હાથીનું બચ્ચું.' બે આંગળી ઊંચી કરું એટલે જરા ઊંચેથી બોલે : 'હાથીનું બચ્ચું.' અને ત્રણ આંગળી ઊંચી કરું એટલે તાણીને બોલે. 'હાથીનું બચ્ચું.'

કોઈ મહેમાન આવે તો એમ જ કરું. બોય મનમાં શું સમજતો હશે ? એને મેં કહેલું નહિ કે હાથીનું બચ્ચું એટલે આમ આમ...

ખરેખર એ ભોળો હતો !

બાના યા ફુંડા બિલિયા

નૉર્વે દેશની વાત જુદી. ત્યાં છ મહિના રાત ને છ મહિના દિવસ. ત્યાંનો એક સાહેબ; ઊંચો ઊંચો તાડ જેવો.

આફ્રિકામાં આવેલો. ભાઈસાહેબને ઘોડું ન મળ્યું, ગધેડું ન મળ્યું, ગાડી ન મળી, સાઇકલ ન મળી, રિક્ષા ન મળી, મૉટર પણ ન મળી. ભાઈએ એક ઝીબ્રા લીધું! ઝીબ્રા એ તે શું હશે? વાઘ હશે કે દીપડો હશે? વિમાન હશે કે આગગાડી હશે? શું હશે?

ઝીબ્રા એટલે આફ્રિકાનું ગધેડું. ગધેડાથી નાનું નહિ ને ગધેડાથી મોટું નહિ; બરાબર ગધેડા જેવડું. ધોળું નહિ, કાળું નહિ, કાબરું નહિ; નવી જાતનું: ચટાપટાવાળું.

કોણ જાણે ઝીબ્રા, ગધેડા જેવું મૂરખ

રિક્ષા=માણસ ખેંચે એવી ગાડી

હોય તો ! કોઈ જાણે ગધેડા જેવું ભૂંકતું હોય તો ! પણ એ ગધેડાની જેમ ધીમે ન ચાલે. ગધેડા જેમ એ ભાર ન ખેંચે. એનાં ટોળેટોળાં મેદાનોમાં ફર્યા કરે. એમ કાંઈ સહેજે હાથ ન આવે. એવું દોડે કે એની પાસે હરણ શું ?

નૉર્વેના સાહેબ પેઠે કોઈક એને પાળતું હોય તો ! કોઈક એની સવારી કરતું હોય તો !

નૉર્વેનો સાહેબ ઝીબ્રા ઉપર બેસે ને ઝીબ્રા જાય દોડ્યું. સાહેબ લાંબા ને ઝીબ્રા એનું ટૂંકું. સાહેબના પગ જાણે જમીનને અડ્યા !

અંગ્રેજ લોકો એ જનાવરને 'ઝીબ્રા' કહે છે. કોણ જાણે આપણી ભાષામાં નામ હોય તો ! આપણે ત્યાં ઝીબ્રા થાય છે જ ક્યાં ? સીદી લોકો એને 'કુંડા યા મિલિયા' કહે છે. કુંડી એટલે કુંભાર--કારીગર; કુંડા એટલે ગધેડું; મિલિયા એટલે ચટાપટા; ને બહુ જાણવું હોય તો યા છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય.

માસ્તર કહેશે: 'છોકરાઓ ! કુંડા યા મિલિયા એટલે શું ?'

'ચટાપટાવાળું ગધેડું.'

નૉર્વેનો સાહેબ કુંડા યા મિલિયા ઉપર

બેસે. આફ્રિકાના કાળા લોક જબરા. નામ પાડવે ભારે શૂરા. નૉર્વેના સાહેબનું નામ બર્કસન કે ટૉમ્બસન કે ક્રુકસેન્ટ કે બ્રાબિંગ્ટન હોય; એ કોને યાદ રહે?

એમણે તો સહેલું ને સટ, ટૂંકું ને ટચ, ભૂલી યે ન જવાય એવું નામ પાડેલું.

શું?

'બાના યા કુંડા મિલિયા.'

'બાના' એટલે શેઠ.

એટલે આખું નામ થાય: 'કુંડા મિલિયાનો (ચટાપટાવાળા ગધેડાનો) શેઠ.'

આપણે નૉર્વેના સાહેબને બોલાવવો હોય તો જંગલી લોકોને કહેવું પડે: 'જા; બાના યા કુંડા મિલિયાને બોલાવ.'

આપણે સમજાવવું હોય કે પેલો સાહેબ, તો આપણે કહીએ: 'પેલો લાંબો લાંબો; કુંડા યા મિલિયા.'

બસ; "કુંડા યા મિલિયા' નામ આપ્યું એટલે બોય સમજી જાય.

આ એવી વાત છે નૉર્વેના સાહેબની: 'બાના યા કુંડા મિલિયા'ની!

ફીઓાકો વાંસે દોડયો

ફીઓાકો એટલે જળઘોડો. જળઘોડાં પાણીમાં રહે, માછલાં ખાય, ખડ ખાય અને જાડો થાય. ચામડું તો એવું જાડું કે એની જાડી જાડી લાકડીઓ થાય.

આફ્રિકામાં અમે રહેતા હતા. એક વાર ફરવા ગયા. એક નાની એવી નદીને કિનારે બેઠા. ત્યાં બેચાર ફીઓાકા નદીમાં તરે. મોઢાં પાણીમાં પણ બે કાન દેખાય.

સાંજ પડી હતી; જરા જરા દેખાતું હતું. અમારો એક ભાઈબંધ હતો; હરિશંકર એનું નામ. સખણો ન રહે. ફીઓાકોને પથરા મારવા માંડ્યો. ફીઓાકો કાંઈ અમસ્તો માણસ પાછળ ન દોડે. પથરા ક્યાં સુધી ખાય? એક ફીઓાકો ખિજાયો; એ પાણીમાંથી નીકળ્યો ને અમારી વાંસે દોડ્યો. બે જણા ચડી ગયા ઝાડે,

ને બે જણા તો જાય ભાગ્યા. મોઢા આગળ બે જણા ને વાંસે કીબોકો! એમાં કાંકરા મારનાર હરિભાઈ શું રાડો નાખે, શું રાડો નાખે! 'ઓયવોય, મરી ગયો રે!'

પછી તો કીબોકો પાછો ગયો. પણ અમે હરિભાઈની ભારે ગમ્મત કરી. કહ્યું: 'લ્યો ભાઈ! કાંકરા મારો ને! બિચારો તમારું નામ ક્યાં લેતો'તો? એની મેળે તરતો હતો.'

મિ. બાર્લો

મિ. બાર્લોનું આખું નામ અબ્રાહમ બાર્લો હતું. અમે અભરામ બાર્લો કહેતા.

હું અને બાર્લો એક જ ઑફિસમાં કામ કરતા: રજિસ્ટ્રારની ઑફિસમાં, મિ. પેદલિથોપ સાહેબની નીચે. બાર્લો માંચેસ્ટરનો, હું ભાવનગરનો ને અમારા મણિભાઈ લીંબડીના.

બાર્લો બુઢિયો. પિસ્તાળીશ વરસ થયેલાં; મૂછો ધોળી થયેલી; ગાલે ખાડા પડેલા. પણ બુઢિયો તો યે બાર્લો સાહેબ. ચામડાના હોઝ પહેરે તે ધબધબ ચાલે.

બાર્લો સાહેબ ચુંગી બહુ પીએ. કહીએ: 'બાર્લો! આ શી ટેવ?'

તરત કહે: 'લે, પાઉં?'

ઠીક હવે ચુંગી પીએ એ તો કંઈ નહિ;

હોઝ=ગોઠણ સુધીના બૂટ

પણ બાર્લો બહુ ગંદો. થૂંકના પરપોટા બોલાવે. અને પાછો આમ ડબડબ કરીને ચુંગીએથી થૂંક કાઢે!

હું કહું: 'છટ્!'

બાર્લો મારી સામે ડોળા કાઢે. ગમે તેમ પણ એ સાહેબ ખરો ને? પણ હું કંઈ બીઉં?

અમારી ઑફિસમાં કામ એક જણનું ને પાંચ જણ ભેળા થયેલા. બાપુ! સરકારી ઑફિસો એમ જ ચાલે! અમારો મોટો સાહેબ મિ. હૅમિલ્ટન રજિસ્ટ્રાર. એકલી સહી કરવાનું જ કામ કરે. બીજો સાહેબ મિ. પેઇલથોપ સાહેબને સહી કરવા કાગળ મોકલે ને ટપાલ જુએ; છાપાં માટે લેખો લખી મોકલે ને સ્વાહીલી ભાષાનો અભ્યાસ કરે. ત્રીજો બાર્લો દસ્તાવેજોની નકલ કરે. કહો ને કે નકલ કરનાર કારકુન! ચોથા મણિભાઈ એ પણ નકલ કરનાર કારકુન. ને પાંચમો હું. મારું કામ કાગળોને કાણાં પાડીને બાંધવાનું. એમ ત્યારે!

મણિભાઈ ગામ ગયા એટલે એની જગ્યાએ હું આવ્યો. કાણાં તે કેટલાં પાડવાં હોય? નકલ તે કેટલી હોય? સાહેબ લેખ લખે ત્યારે

અમે ઊંઘીએ.

બાર્લો કહેશે: 'પહેલાં મારો વારો; તું સાહેબની નજર રાખ.'

બાર્લો ટેબલ પર ઊંઘે; હું ધ્યાન રાખું: પછી હું ઊંઘું ને બાર્લો ધ્યાન રાખે.

બાર્લો અક્કલનો ખાં ને પોતાની ભાષાનો પંડિત! અમારા સાહેબને રજા માટે ચિઠ્ઠી લખવી હોય તો બાર્લો કહેશે: 'ભાઈ! આમાં કાંઈ લખવાની ભૂલ રહી ગઈ હોય તો સુધારી આપ ને?'

હું કહું: 'એટલું ય નથી આવડતું?'

'અરે, હું તો મિલમાં કોકડાં ભરતો હતો. હું તે કયે દિવસ ભણવા બેઠો હતો?'

'ત્યારે અહીં ઑફિસમાં ક્યાંથી?'

'ગોરી ચામડી છું, તે ટોપી ઉતારું તો પગાર તો મળે જ ને?'

બાર્લોને મહિને રૂા. એકસો વીસ પગાર મળે.

બાર્લોને કહીએ: 'અરે બાર્લો! હિંદુસ્તાનમાં સરકસ છે બહુ સરસ!'

'હેં?'

'કૂતરા ઉપર હાથી ઊભો રહે.'

બાર્લો કહે: ‘હિંદુસ્તાન બહુ સરસ!’

બાર્લી (બાર્લોની સ્ત્રીનું એ નામ પાડેલું) પોતે બહુ ભલી. જાડી થૂલડી. બાર્લો કહેશે: ‘ચાલો, તમને બિસ્કિટ કરતાં શીખવું.’

અમે બાર્લોને ત્યાં જઈએ. હાંફળી ફાંફળી બાર્લી સેવા કરવા લાગે. કોણ જાણે પછી બિસ્કિટ કર્યાં કે નહિ તે યાદ નથી, પણ બાર્લી ભલી બહુ. અભરામ બાર્લો અમારો ભાઈબંધ: ભલો માણસ. આજ દિવસ સુધી સાંભરે છે.

વીજળીનું કારખાનું

'ભાઇશા'બ! મને સાઇકલે બેસતાં નથી આવડતું.'

'અરે ભલા માણસ! ન શું આવડે? એક રાતમાં સાઇકલ આવડે.'

'પણ ભાઈ! એમ કાંઈ આવડે? હાથ-પગ ભાંગુ તો?'

'તમે તમારે હું કહું એમ કરો ને! બેસો આ સેડલ ઉપર, રાખો પગ પૅડલ ઉપર મૂકો હાથ હૅન્ડલ ઉપર. જોજો હો, સાઇકલ મૂકું છું. તમારે પગ હલાવવા ને હૅન્ડલ પકડવું. આમ વળી જાય તો આમ હૅન્ડલ કરવું ને આમ જાય તો આમ કરવું.'

ઢાળ ઉપર મૂકી સાઇકલ દડતી! ભાઈ-શાએ પગ હલાવ્યા, હૅન્ડલ પકડ્યું. પણ એમ કાંઈ સાઇકલ ફેરવતાં આવડે? એ....પડ્યો!

પણ પડે શું! આટલો ઊંટ જેટલો ઊંચો હતો તે પગ હેઠે મૂકી દેતાં ન આવડે?

'ભાઈ! મારે સાઇકલ નથી શીખવી. આમ તે આવડે?'

'ન શું આવડે? ચાલો, ફરી વાર. એક વાર, બે વાર, ત્રણ વાર.'

અડધી રાતે સૅડલ ઉપર બેસતાં આવડ્યું: હૅન્ડલ પકડતાં આવડ્યું; પણ ચડતાં-ઊતરતાં કોને આવડે? કોઇક ચડાવે તો ચડવું, ઉતારે તો ઊતરવું. એમ ને એમ સાઇકલ ચાલી જાય ત્યાં સુધી ચાલે, નહિતર કાં તો પડવું ને કાં તો પગ મૂકીને ઊભા રહેવું. એમ અડધી રાતે સાઇકલની મુસાફરીની તૈયારી મૂરી થઈ!

ભાઇશા'બ પોતે, બાલુભાઈ, મણિભાઈ, હરિભાઈ ને પ્રોફેસર જીવો: સૌ મુસાફરી માટે તૈયાર થયા.

'ભાઈઓ! પહેલાં આ ભાઇશા'બની સાઇકલ રવાના કરો. જુઓ ભાઇશા'બ! જ્યાં પડો ત્યાં ઊભા રહેજો. વાંસે અમે આવીએ છીએ તે ચડાવી દેશું.'

ભાઈશા'બને રવાના કર્યા. જાય ભાઈ પેડલ મારતા! હૅન્ડલ આમ કરે, હૅન્ડલ તેમ કરે: કેડ આમ થાય, ડોકું આમ થાય. એ પડ્યા કે પડશું! સાઇકલ સાપ જેમ ચાલી જાય. રસ્તામાં કોઈ સામું જ ન મળે. મોટર તો શાની જ આવે? કોઈક જંગલી દેખાય, તો તે દેખાય ત્યારથી જ ભાઈશા'બ ટોકરી માર્યા કરે, પણ ત્યાં તો હૅન્ટલ વાંકું થયું. બૅલેન્સ ખસ્યું ને સાઇકલ પડી! ચાલાકી કાંઈ ભાઈશા'બની? મિયાં પડ્યા પણ તંગડી ઊંચી! સાઈકલને છોડી મિયાં ઊભા રહે.

સરસર સાઇકલો સરી જાય. બાંડીસવાળો પ્રોફેસર જીવો, ઘનશ્યામ મણિભાઇ, પહેલદાર હરખશંકર ને ગોગમટોળ જેવા સાહેબ હરિભાઈ: સાઈકલો સરકાવતા આવી પહોંચે.

'કાં ભાઇશા'બ! શું થયું?'

'લ્યો, ચડાવો પાછા સૅડલ ઉપર.'

પાછા સૅડલ ઉપર ચડાવ્યા, હૅન્ડલ પકડાવ્યું ને સાઇકલને ધક્કો માર્યો તે જાય ભાઈશા'બ ભાગ્યા!

છ માઇલ ગયા; દસ માઈલ ગયા. વાર-

સાદ ચડ્યો; તૂટી પડ્યો. હવે કાંઈ સાઇકલ ચાલે? એક તો ભાઈશા'બ ને એમાં વરસાદ!

પ્રોફેસર કહે: 'તમે તમારે સેડલ ઉપર બેસી રહો. હું તમારી સાઇકલને દોરડું બાંધું. હું મોઢા આગળ ખેંચ્યા કરીશ.'

પણ એ ગારામાં હેન્ડલ હાથમાં રહે શી રીતે? ને ચશ્મા ઉપર વરસાદ પડે એટલે તો રસ્તો ય ક્યાંથી દેખાય!

'આ ભાઈ આપણાથી નથી ચલાતું! એ....પડ્યા!'

પણ પડવાનો ક્યાં હિસાબ હતો? સાઇકલની સફરે નીકળ્યા ત્યારથી જ પડવાના એમ તો લખાવીને જ નીકળ્યા હતા!

'એલા કિકુયુ! આ અમારા શા'બની સાઈકલ ઉપાડ.'

પ્રોફેસરની સાઇકલની ઠેસી ઉપર સાહેબ ઊભા રહ્યા. એ ગારો, એ વરસાદ ને પાછળ સાહેબ ઊભેલા! એમાં તો પ્રોફેસર જીવો જ સાઇકલ ખેંચે; બીજાના ભાર નહિ કે ચલાવે!

પણ સાઇકલ ક્યાં સગી થતી'થી! આ મોઢા આગળનું હેન્ડલ તૂટ્યું ને થઈ રહ્યા

પગપાળા !

બાબુ કહે: 'હવે આપણે સાઇકલે ન જવાય. સાઇકલ સાથે ચલવી જઈએ.'

પોપટીઓ કહે: 'એ તો બધા સાથો-સાથ !'

જુવાનોની મંડળી આફ્રિકામાં ગયેલી. નહિ ધરાળ, નહિ ઉલાળ; ખાવું, પીવું ને ખેલવું ! એને શું ? રવિવાર આવે ને ફરવા નીકળે. સફર કરી આવે પંદર માઈલ, ત્રીશ માઈલની; સોમવારે સવારે પાછા આવે. બીક તો કે' શી ખબર ? મરી જશું તો કે' સાથે ફૂંકી મારજો. એલા ખાવાપીવાનાં ? તો કે' સાથે. ટાઢતડકો ? લાગ્યા કરે. જુવાનીનું જોર, ચડતું લોહી ને વાંકડી મૂછો; કોટ-પાટલૂન ને બાંડીસ: બાબરી ઓળેલી; હાથમાં કીબાકાની સોટી; દસદસ શેરના બૂટ પહેરેલા ! એ જુવાનો કેમ ઝાલ્યા રહે ? વરસાદ પડતો જાય, ગારો ખૂંદાતો જાય ને લૂગડાં તો તરબોળ !

ધીમે ધીમે મંડળી ચાલી. ક્યાં જતા હતા ? મલગરીએ ? એવડો શો માંડવો બાંધ્યો હતો તે

મલગરીએ=મુલકગીરી, વસૂલાત ઉઘરાવવા ફરવું તે

વરસાદમાં નીકળ્યાં હતા? વીજળીનું કારખાનું જોવા જતા'તા! ઓય મળે!

આમ હેરાન થઈને જવાનું કોણે કહ્યું? ત્યારે શું બુઢિયા હતા તે ઘેર બેસી રહે? તો તો આફ્રિકા સુધી જાત જ કેમ?

કોઈક કહે: ઝીકા ચાનિયાના ધોધ બહુ સારા.' તો કે' કર પલાણુ સાઇકલ ઉપર. કોઈ કહે: 'એલા કિફુયુ સરોવર બહુ સારું.' તો કે' ચાલો જોવા. આ એવી એની મોજ ને એવી જુવાનીની ઝપટ!

વીજળીના કારખાના પાસે આવ્યા. શું જોવાનું હોય, પથરા? નદીને વાળીને ધોધ બનાવ્યોં હતો ને પાણીની મદદથી કારખાનું ચાલતું હતું. પણ એ જ જોવું હતું ના? નવું જોવું એ જ કામ. હાંસલખોટનો વેપાર થોડો જ હતો? એ તો જુવાનીનો તરંગ હતો.

'એલા ભાઈ! ચા પીએ.'

'પણ કરશું ક્યાં? જુઓ, વરસાદ તો વરસે છે.'

'એલા દુકાનવાળા! તારી દુકાનમાં ચા કરવા દઈશ?'

'બાપુ! અહીં ક્યાં જગ્યા છે?'

'ત્યારે લાવ છત્રી.'

વરસાદ વરસતો હતો. છત્રી નીચે પથરા ગોઠવી ગ્યાસલેટ નાખી સળગાવ્યું. ચા ઉકાળી. ભલે ને એક કલાકે બની રહે! ભલે ને ઠારેલા દૂધના ડબામાંથી દૂધ નાખવું પડે! પણ ચા પીધી! બધા કહે: 'ચા પીધી. આ વરસતા વરસાદમાં છત્રી નીચે બનાવીને પીધી! પીધી તે પીધી; એમ કાંઈ ધાર્યું મૂકી દેવાય?'

બધા કહે: 'ચાલો હવે જઈએ; વરસાદ ઊતરી ગયો છે.'

ભાઈશા'બ કહે: 'રહેવા દો હો! પહોંચાશે નહિ. સત્તર માઈલ છે.'

'એમાં નહિ શું પહોંચાય? સાઈકલો છે ને? તમને વારાફરતી પાછળ બેસારશું.'

'ચાલો ત્યારે.'

છબછબિયાં કરતી, ગારો ઉડાડતી, સાઈકલો ચાલી નીકળી. લૂગડાં સૂકવવાનાં જ ક્યાં હતાં? એ તો શરીર ઉપર જ સુકવાતાં હતાં!

સાંજ પડવા આવી. વાદળા થયાં. વરસાદ વરસ્યો. 'એલા હવે પાછા ચાલો, પાછા. પેલા

ગામમાં સૂઈ રહેશું.'

'હવે ચાલ ચાલ! પાછા તે ફરાય?'

'ચાલો ત્યારે; થાશે તે ખરી.'

વરસતે વરસાદે, અંધારી રાતે, હાથમાં સાઈકલો અને ટોળી ઊપડી. બત્તી જ ક્યાંથી કરે? એમાં તો પાણી ભરાયું હતું. ભૂખ ક્યાંથી મટાડે? ભજિયાં ને પૂરી તો સૌનાં પલળી ગયાં હતાં.

હાથી નદી આવી. 'એલા બધા સાઈકલે ચડો. આ મોટો ઢાળ છે એટલે જલદી ઊતરી જવાય.'

ભાઈશા'બને ય બેસાર્યા, પણ ત્યાં ગારામાં સાઈકલો ક્યાં ચાલે એમ હતી? ઘરૂરૂરૂ કરતી નીચે ને સુરૂરૂરૂ કરતી ગારામાં હેઠે. એક ડગલું આગળ ને હાથી નદીની ખળખળતી ખીણમાં ભાઈશા'બ જાત! ઊંડી જબરી ખીણ, એમાં હાથે ય ક્યાંથી આવત?

ભાઈશા'બ કહે: "ગયા હોત તો તાર કરી નાખવો'તો ને સ્ટીવન્સ સાહેબને કહી દેવું'તું કે કારકુન મરી ગયો!'

ટોળી આગળ ચાલી. હરિયો કહે: 'એ શા'બ! મરીશ તો બાયડીછોકરાં હેરાન થશે!'

પોપટભાઈ કહે: 'આપણી પાછળ કાંઈ છે નહિ. એલા હરિયા! તારે સાટે હું મરીશ.'

પીશી બોલવા લાગી. પીશી હોય ત્યાં વાઘસિંહ હોય. સૌ કહે: 'માર્યા. ક્યાંક સિંહ આવે નહિ!'

દસ વાગ્યા હતા. ઘોર અંધારી રાત હતી. જંગલ જેવું હતું. ઊંચાનીચા રસ્તા, ખાડા ને ટેકરા; ક્યાંક ક્યાંક જંગલી લોકોના શાસ્બા દેખાય. બધો વગડાઉ મુલક.

હરિભાઈ કહે: 'ચાલો, આ ઝાડ ઉપર ચઢીને રાત કાઢી નાખીએ.'

'પણ સાઇકલ?'

'સાઇકલ હેઠે.'

'ના ના; ચાલો ચાલ્યા જઈએ.'

'બે વાગશે, હો!'

'બે કે ત્રણ! પહોંચ્યે છૂટકો. સવારે પાછું ઑફિસમાં જવું છે; ને આ ભૂખ લાગી છે એનું શું? અહીં ખાવા કોણ આપે એમ છે?'

ભાઈશા'બ તો લાંબા થઈને રસ્તા વચ્ચે સૂતા! ગારામાં જ સૂતા એમ કહો ને! ક્યાં લૂગડાંને બગડવું'તું કે ક્યાં ભાઈને પલળવું'તું ?

પાછા ઊપડ્યા. પગ પાછા પડતા જાય, ને સાઈકલ આગળ ધકેલાતી જાય; એમ ધીમે ધીમે કરતા ચાલ્યા.

'એલા! તને સિંહ ખાઈ જાય તો ?'

'તો ઘેર તાર કરજે.'

'આપણે હરિભાઈને જ આગળ મૂકો ને, તો એ સિંહ ધરાય!'

'બાપુ, એમ કાંઈ હું વધારાનો નથી!'

સિંહની બહુ બીક. પીશી તો ચીસેચીસ નાંખે. જાણે હમણાં સિંહ નીકળશે.

'એ....પણે દીવો દેખાય. ઝૂંપડી જેવું લાગે છે. ચાલો તો ખરા.' પગમાં જરા જોર આવ્યું. ઘડિયાળમાં એક વાગ્યો હતો.

ઝૂંપડીમાં એક ગોરો સાહેબ સૂતો હતો. સાહેબનું ત્યાં ખેતર હતું. અંગ્રેજીમાં અમે એને કહ્યું: 'સાહેબ! અત્યારે ભૂખ બહુ લાગી છે. કાંઈ ચા બા મળશે ?'

સાહેબ કહે: 'મિલ્ક કુઈશા; હપાના કિડોગો.' (દૂધ ખલાસ; જરા પણ નથી.)

'ઇકો શુકારી?' (ખાંડ છે?)

'ન્ઢીયો', શુકારી ઈકો.' (હા, ખાંડ છે.)

સાહેબનો બૉય દોડ્યો. અમે બધા ટાઢે ધ્રૂજતા હતા. મોટો ભડકો કરીને એણે લાકડાં સળગાવ્યાં.

સાહેબ કહે: 'તાપો તાપો; બધા જરા ગરમ થાઓ.'

ટાઢ ઊડી. ગ્લાસલેટનો ડબ્બો લાવ્યા. પાણી નાખ્યું, ખાંડ નાખી, ચા નાખી ને ઉકાળ્યું.

કન્ડેન્સ્ડ મિલ્ક (ઠારેલા દૂધ)નાં ફેંકી દીધેલાં ડબલાં લીધાં; ભરી ભરીને પીવા માંડ્યા. કોણ હિસાબ રાખે કે કેટલી પીધી?

ગરમાગરમ ચા!

બટેટાં ને શકરિયાં મળ્યાં; નાખ્યાં એને તાપમાં. પણ કોને ધીરજ રહે કે પાકે ત્યાં સુધી બેસે? આણીકોરથી શેકવા નાખ્યું ને ઓલીકોરથી ઉપાડ્યું. કાચાં ને પાકાં, ખાવા દે એક વાર! સા સવારના ભૂખ્યા હતા.

સાહેબે બોય આપ્યો. ભાઈશા'બની સાઇકલ ઉપાડી.

બે વાગે ઘેર આવ્યા. વીશીવાળો શાનો હોય? ભાઈબંધની દુકાન ઉઘાડી લોટ ને ઘી કાઢ્યાં, ને પૂરી ને શાક બનાવીને ખાઈને સૂતા.

મારા મિત્રો

આફ્રિકામાં મારે ઘણા ય મિત્રો હતા. ભણેલા અને અભણ, મૂરખ અને ડાહ્યા. તેમ જ લફંગા અને સજ્જન, હિંદુ અને મુસલમાન તેમ જ મદ્રાસી, પંજાબી અને બંગાળી; બધી જાતના મિત્રો મારે હતા.

મિત્ર ધુનીચંદ પંજાબી હતા. તેની પાસે કેળવણીની વાતો કરતો ને ઉર્દૂ શીખતો. ઉર્દૂ બહુ ભણ્યો! 'અલ્લા હે' એટલું તો વાંચતાં આવડ્યું જ હતું. ધુનીચંદ ખરેખર ખાનદાન, વિદ્યારસિક અને લાયક હતા.

અમે એક સાહિત્યમંડળ કાઢ્યું હતું. અંગ્રેજી ભાષણો ને નિબંધો વાંચતા. અંગ્રેજી સાહિત્યનો ઉદ્ધાર કરવાનું ધાર્યું હશે!

સમાજિસ્ટો પણ મારા મિત્રો હતા; થિયોસૉફિસ્ટ પણ હતા; સવારમાં નાહી ધોઈ ને

સંધ્યા કરનારા પણ મારા મિત્રો હતા, અને દારૂમાંસ લેનારા ખ્રિસ્તીઓ પણ મારા મિત્રો હતા. સિલોનિઝો અને બર્મિઝો પણ મિત્રો હતા. કોઈક વધારે, કોઈક થોડા.

હરિશંકર મારા મિત્ર : બહુ ભલા માણસ. એમણે મને ખૂબ મદદ કરેલી. મિત્ર માટે પૈસા વાપરી જાણે. બિજાય તો વળી કોઈના નહિ; પણ સાચા દિલના.

હરખશંકર બીજા મિત્ર : પહેલવાન, શાંત, ગંભીર, વફાદાર મિત્ર. એકલા કોઈ દિવસ ખાય નહિ. પોતાનું ને પારકું એવું શું? લોભ નામે નહિ. એ હોય ત્યાં બીજાને ખરચ કરવા ન દે. પોતે આરામ લેનારા. કહેશે : ' એ વાંચવુંબાંચવું તમારું કામ! '

મણિભાઈ ત્રીજા મિત્ર : ગુલાબી માણસ બાલ્ઝોની બેવકૂફી એમણે શોધેલી. બહુ ભાવ રાખવાવાળા. પૈસા સાચવે ખરા; છતાં કહેશે : ' મિત્રો માટે તો ખરચીએ જ તો! '

કાનજીભાઈ ઘંડિયાળી. મારા વિના ઘડી ન ચાલે. સ્વાહીલી સુંદર આવડે. બુદ્ધિના અક્કડલક્કડ. સ્વાશ્રયે ઊંચે ચડેલા. હોંશિયાર

ખરા. બીડી પીએ ત્યારે તો મોટું તત્ત્વચિંતન કરતા હોય એવા લાગે!

હરિભાઈ લશ્કરી માણસ: લશ્કરી રૂઆબ, લશ્કરી જુસ્સો. દિવસમાં પાંચસો વાર 'ડેમ' બોલે, પણ દિલના સાફ. મિત્રને માટે માથું આપતાં પાછા ન ફરે.

પ્રોફેસર જીવો મને બહુ ચાહે. સુતાર હતો: કારીગર ભેજાનો. સાઇકલે બેસતાં બહુ સરસ આવડે. એટલા માટે પ્રોફેસર નામ પાડેલું.

પરેરા સિલોની હતો; એક લક્ષાધિપતિનો છોકરો. સાહસ કરવા નીકળી પડેલો. એક ઝવેરીને ત્યાં કામ કરે. અમારે બહુ દોસ્તી હતી. અમે અમેરિકા જવાના હતા. પરંતુ એ યોજના પાર પડી નહિ.

મગનલાલ ભલા માણસ. મારું રક્ષણ કરે; મારી પથારી પાથરે; મારું પાણી ભરી આપે; મને ખૂબ સાચવે. શાંત સ્વભાવ, ધર્મ-પ્રિય માણસ; પણ આફ્રિકામાં આવી પડેલા.

રતિલાલ મારો દિલનો દોસ્ત. દોસ્ત તો શું પણ એના પર દિલ આફરીન! એનું નામ

મેં 'પિગ' પાડેલું. 'પિગ' હુકમ ઉઠાવવામાં તત્પર. અરધી રાતે જે માગું તે લાવે. બીજા બધાએ મારી ચાકરી કરેલી, પણ ત્યાંના કાળા તાવ વખતે 'પિગે' ઘણી સેવા ઉઠાવી હતી.

જેચંદભાઈ લાગણીવાળા; ફાટેલ ભેજાના ખરા! સ્ટીવન્સની ઑફિસમાં મારી અવેજીમાં વગર પગારે અઢાર દિવસ એ જેચંદભાઈ જ નોકરી કરી શકે; બીજા કોઈના ભાર નહિ!

એવા ઘણા ઘણા મિત્રો હતા. આજે કોઈ જીવતા હશે, કોઈ મરી ગયા હશે. જૂના સ્મરણ-પટ ઉપર તો બધા અમર છે!

[પિગ=ડુક્કર

મનોરંજન ગ્રંથમાળા

હરીશ નાયક

જે દેશનું બાળપણ ભૂખ્યું હશે
તે દેશની જુવાની કેવી હશે?

જે બાળકોનું જ્ઞાન અધૂરું હશે
તે યુવાનોનું ભાવિ કેવું હશે?

માટે જ

મનોરંજન સાથે જ્ઞાન આપતી શ્રી. હરીશ નાયકની જ્ઞાનવર્ધક 'મનોરંજનગ્રંથમાળા' ની બાર સુંદર પુસ્તિકાઓ આપના બાળકોને વંચાવવી જ રહી.

[ટૂંક સમયમાં જ મળશે.]

આર. આર. શેઠની કંપની